ક્રમાંક: જમન/૨૯-સી/બ/7724-25/૨૦૨૨-૨૩,
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ની કચેરી,
ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન બ્લોક નં. એ-૩
ચ-૩ સર્કલ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે,
સેકટર ૧૦, ગાંધીનગર, તા. 24/૦૧/૨૦૨૩

**વિષય:** Diversion of 0.0095 Ha. Protected Forest land (Road Side Strip Land) for entry to GSPL's Plot No.S1 GIDC Electrinics Estate Setcor-26 Gandhinagar in Gujarat State.
(Online Proposal No.:FP/GJ/Approach/123543/2021)

**સંદર્ભ:-** મુખ્ય વન સંરક્ષકશ્રી, ગાંધીનગર વન વર્તુળ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: વસંધા/૧૭/અ/૧૬૮૪-૮૫/૨૦૨૨-૨૩, તા.૧૧/૦૧/૨૦૨૩

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લીમીટેડ, ગાંધીનગરની વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળની એપ્રોચ રોડની ૦.૦૦૯૫ હેક્ટરની દરખાસ્તમાં નીચે જણાવ્યા મુજબની ક્ષતીઓ જણાય છે.

(૧) પાર્ટ-૧માં યુઝર એજન્સી દ્વારા માંગણી કરવામાં આવેલ વિસ્તારનો જીઓ-રેફરન્સ મેપ અપલોડ કરવામાં આવેલ નથી તેમજ દરખાસ્તમાં એનેક્ષર-૩૨માં જીઓ-રેફરન્સ મેપ સામેલ રાખેલ નથી.

(૨) વળતર વનીકરણ માટે સૂચવેલ વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં વાવેતર લેવામાં આવેલ નથી તે અંગેનું નાયબ વન સંરક્ષકશ્રીનું પ્રમાણપત્ર સામેલ નથી.

(૩) સીએ સ્કીમમાં વર્કીંગ સર્કલનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

(૪) વળતર વનીકરણ માટે સૂચવેલ વિસ્તારનો જીઓ રેફરન્સ મેપ ઇ-પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવેલ નથી.

(૫) એનેક્ષર-૧૭ સાઇટ ઇન્સપેક્શન રિપોર્ટના કોલમ-૧૬માં માંગણીવાળો વિસ્તાર થોળ બર્ડ સેન્ચ્યુરીથી ૧૦૫ કિ.મી. દુરના અંતરે છે તેમ જણાવેલ છે જ્યારે એનેક્ષર-૨૫માં માંગણીવાળો વિસ્તાર થોળ બર્ડ સેન્ચ્યુરીથી ૫૪ કિ.મી. દુરના અંતરે આવેલ છે તેમ જણાવેલ છે.

(૬) દરખાસ્તમાં સામેલ એનેક્ષરમાં નાયબ વન સંરક્ષકશ્રીના હોદ્દા ઉપર નાયબ વન સંરક્ષકશ્રીના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી જેથી નાયબ વન સંરક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીમાં આ કામગીરી સંભાળતા કર્મચારીને જરૂરી પૂર્તતા માટે અત્રેની કચેરીએ મોકલવા.

**(ડૉ. જયપાલ સિંહ)**
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**પ્રતિ,**
મુખ્ય વન સંરક્ષકશ્રી, વન વર્તુળ, ગાંધીનગર

**નકલ રવાના:-** નાયબ વન સંરક્ષકશ્રી, વન વિભાગ, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

G:\MEHUL\canon\29 - C\Gandhinagar Circle\0.0095\letter.docx